**વારલીઆદિમ સમાજજીવનનો પરિચય**

**પ્રા કુરાડા જ્યોતિબહેન મંછુભાઈ**
**(અધ્યાપક સહાયક)**
**આર્ટસ કૉલેજ શામળાજી**
**સમાજશાસ્ત્ર વિભાગ**

ભારતીય સમાજમાં માનવ-સમુહોનું વૈવિધ્ય જોવા મળે છે.જનજાતિ સમૂહ એ પણ વૈવિધ્ય ધરાવતો વિશાળ ભારતીય સમાજનો જ એક ભાગ છે. એમાં ૪૫૦ જેટલી અનુસુચિત જનજાતિઓ આવેલી છે. અનુસુચિત જનજાતિઓની યાદી ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ લૉ, જસ્ટીસ એન્ડ કંપની અફેર્સ ૨૦મી સપ્ટેમ્બર,૧૯૭૬ના એક્ટ નંબર ૧૦૮ મુજબ ગુજરાતમાં ૨૯ જનજાતિઓના સમુદાયમાં વારલી લોકોનો સમાવેશ થાય છે.એમની મુખ્ય વસ્તી મહારાષ્ટ્રમાં પાલઘર જિલ્લામાં અને ગુજરાતમાં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં તેમજ ડાંગ જિલ્લામાં જોવા મળે છે.

વારલી જાતિનો મુખ્યત્વે મૂળ વિસ્તાર ઉત્તર કોંકણ અને દક્ષિણ ગુજરાતમાં ડુંગરાળ પ્રદેશમાં થાણા જિલ્લાની ઉત્તર દરિયાઈ પટ્ટીમાં તથા અરબી સમુદ્રનો દરિયાકિનારો અને સહ્યાદ્રી પર્વતની હારમાળા વચ્ચેનો જંગલો તથા સપાટ જમીનો પરનો છે. આ વિસ્તારોમાં ખાસ કરીને ૧૯૪૭ પહેલા દેશી રાજ્યોની હકુમત હતી. તેમાં વારલી વસાહતોના પ્રદેશોમાં મુખ્યત્વે જવ્હાર, થાણા, નાસિક, સુરત, ખાનદેશ, ધરમપુર, વાંસદા, ડાંગ અને વડોદરા રાજ્યનો નવસારી પ્રાંત મુખ્યત્વે હતાં. વારલી જનજાતિ મહારાષ્ટ્રમાંથી સ્થળાંતર કરી ગુજરાતમાં આવ્યા હતાં એવું માનવામાં આવે છે.

ગુજરાતમાં તેઓ મોટા ભાગે ડુંગરાળ પ્રદેશ ધરમપુર અને વાંસદા તાલુકા તેમજ સમુદ્રતટ ઉમરગામ તાલુકામાં વસવાટ કરે છે.તેમનો મુખ્ય વસવાટ સ્થળ ઉમરગામ તાલુકો છે. તેઓની વસ્તી ગુજરાતમાં પંચમહાલ, સુરત, ભરૂચ, વડોદરા, સાબરકાંઠા, બનાસકાંઠા, અને મહેસાણા તાલુકામાં અલ્પ પ્રમાણમાં વિભાજિત થયેલ છે.૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં તેમની વસ્તી સંખ્યા ૧૫૨૯૮૩ હતી. હાલ ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં તેમની વસ્તી ૩૨૮૧૯૪ છે.

ગુજરાતમાં વધુમાં વધુ વારલી વસ્તી સંખ્યા વલસાડ જિલ્લામાં જોવા મળે છે. તથા વલસાડ જિલ્લમાં સરહદીય તાલુકામાં ધરમપુર અને વાંસદા વારલી વસાહત ક્ષેત્ર છે. સમગ્ર વિસ્તાર ડુંગરો અને જંગલોથી છવાયેલો છે. જે આખીય ડુંગરાળ પટ્ટી વાંસદાથી ધરમપુરના ડુંગરાળ વિસ્તારમાં જ થાણા જિલ્લા સુધી વારલી વસાહત પટ્ટી છે.જે પટ્ટી મહારાષ્ટ્રમાં થાણા જિલ્લાના મોટા ભાગના ડુંગરો અને જંગલોવાળા વિસ્તારમાં ધરમપુરથી આખો પટ્ટો છેક દહાણું નાસિક સુધી પથરાયેલો છે.

આઝાદી પહેલા આ આખો વિસ્તાર દેશી રાજ્યોની હકુમત નીચે હતો જેમાં ધરમપુર રાજ્યની સરહદ ઉમરગામ, સંજાણ થી ચીખલી તાલુકાના કેટલાક ગામો સુધી વિસ્તરેલી હતી. અને અત્યારના

થાણા( હાલમાં પાલઘર) જિલ્લાના કેટલાક ગામો જે થાણા એજન્સીથી વાંસદા રાજ્યની સરહદ સુધી વિસ્તાર પામેલ રાજ્યમાં મુખ્યત્વે આદિવાસી પ્રજામાં વારલીઓની સંખ્યા વધારે હતી. જયારે વાંસદા રાજ્યની ડાંગ સરહદે અને ધરમપુરની સરહદીય ગામોમાં વારલીઓનો વસવાટ હતો. જેનો ઉલ્લેખ દેશી રાજ્યોની હકુમત સમયમાં પ્રાપ્ત થાય છે.

**વારલી શબ્દાર્થ અને ઈતિહાસ – કેટલાક અનુમાનો** :-

જૂની સરકારી નોધો મુજબ વારલીઓ મૂળ દક્ષિણ ભારતના કોકણા તરફના વતનીઓ છે. તેઓ ૧૪ થી ૧૫ મા સૈકામાં દખ્ખણમાંથી ફિરગીઓને લીધે કે કુદરતી આફતોને લીધે કે પછી મરાઠાઓની સામ્રાજયવાદી પ્રવૃત્તિને કારણે એ પ્રદેશ છોડી ધરમપુરમાં આવી તથા આજુબાજુના પ્રદેશમાં આવીને વસ્યા હોય એમ માનવામાં આવે છે. તેઓ લગભગ ૫ હજાર વર્ષો પૂર્વે અહિ આવીને વસ્યા હશે.(બોમ્બે ગેઝેટીયર્સ વોલ્યુમ-૩ પાર્ટ-૧)

વારલી તેમનો ઉલ્લેખ વરલાટમાં જ્ઞાત કોકણ પ્રદેશના હિંદુઓમાં કરેલો છે. ઠાકુરની જેમ તેઓ વરસનો થોડોક ભાગ ચણા ઉપર અને બાકીનું વર્ષ કરંજડાના ફળ અને ઘાસચારા પર જીવન વ્યત્તીત કરે છે.(નાસિક ગેઝેટીયર્સ ૧૮૩૩)

"વારલી" શબ્દની વ્યુત્પત્તિ "વરુડ" શબ્દ ઉપરથી આવી હશે. વિધ્ય અને સાતપુડા પર્વતની આસપાસના પ્રદેશમાં ત્રણ અનાર્ય જાતિઓ વસ્તી હતી જેમાંથી નિષાદ, વ્યાસ અને વરુડ. આ "વરુડ" માંથી "વરુડાઈ" વરુલાઈ અને તેના પરથી "વારુલી અને છેવટે 'વારલી' અપભ્રંશ ઉચ્ચાર થયો હશે. (શ્રી રજવાડે )

વારુલીનો અર્થ જંગલી હરણ વારલનો અર્થ જંગલ અને જંગલમાં રહેવાવાળા –વારલી.(ધી વારલી-શ્રી કે.જે.સાવે)

આમ અનેક અનુમાનો વારલી સમુદાય વિશે કરવામાં આવ્યા છે.

વારલી જનજાતિ પોતાની વારલી બોલી બોલે છે. તથા તે ખાનદેશી, ભીલ તથા મરાઠીના મિશ્રણમાંથી બનેલ છે. ગુજરાતના વારલી ગુજરાતી બોલે છે. અને ગુજરાતી લિપીનો ઉપયોગ કરે છે.

**ખોરાક અને પોશાક**:-

વારલી જનજાતિ માંસાહારી અને શાકાહારી એમ બન્ને છે. તેઓ મરઘા-બતક તેમજ જંગલી પક્ષીઓનું માંસ ખાયછે. તેઓનું ગમતું ખોરાક માછલી છે. સુકી માછલી તેઓ સેકી તથા વિવિધ શાકભાજીમાં મિશ્રત કરી રાંધી ખાય છે. તથા નાગલી, ચોખા, જુવારના રોટલા ખાય છે. તેમનો મુખ્ય ખોરાક ભાત અને નાગલી છે. ભાત સાથે તીખી ચટણી ખાવામાં આવે છે. કઠોળમાં અળદ, તુવેર, મગ, વાલ વગેરે તેમના ખોરાકનો એક ભાગ છે. સવારે ભાતનું પાણી કે આંબીલ (જે નાગલી કે જુવારના

લોટમાંથી બનાવવામાં આવે છે.) તેમજ લીલાશાકભાજી તેમના દરરોજના ખાનામાં વપરાય છે. તેઓ મહુવા તથા કાજુના ફળો ફૂલો માંથી દારૂ તૈયાર કરેછે. જે પોતાના પીવા તથા વેચવા માટે તૈયાર કરવામાં આવે છે. આ મોસમી ફળો તેમને જંગલમાંથી મળી રહે છે. દુધનો ઉપયોગ તેઓમાં નહીવત પ્રમાણમાં થતો પરંતુ હાલમાં ઉપયોગ સારા એવા પ્રમાણમાં થાય છે.તેઓ ટીમરુના પણ માંથી બીડી બનાવી ધૂમ્રપાન માટે ઉપયોગ કરતા. જે વર્તમાન સમયમાં પણ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં શિક્ષણ, સંચાર-માધ્યમોનો બહોળો ઉપયોગ, શેહરીકરણ, ઉદ્યોગીકિકરણ, વિવિધ આદિવાસી વિકાસ યોજનાઓના કારણે વારલી જનજાતિ સમુદાયના લોકોની જીવનશૈલીમાં ઘણા પરિવર્તનો આવેલા જોઈ શકાય છે. પરંપરાગત ખોરાક અને પોશાક ધીમે ધીમે બદલાતો ગયો છે. ઘણા વારલી લોકોએ વિવિધ ધાર્મિક પંથોના સંપર્ક ના કારણે તેઓએ માંસાહારી ખોરાક તથા દારૂના સેવનનો ત્યાગ કર્યો છે.

વારલી જનજાતિનો પોશાક અને રેહણી-કરણી સામાન્ય જોવા મળે છે. વારલી સ્ત્રી ચોળી, ચારવારી સાળી પેહરે છે. પુરુષો ડગલો બાય વગરનું શર્ટ અને બાય વગરનું કોટ પેહરે છે. અને ટુંકો ચડ્ડો તેમજ ડોસા લંગોટ પેહરે છે. સ્ત્રીઓ હાત તથા પગમાં ઘરેણા તથા કાંચની બંગળી પહેરે છે. પુરુષો માથે ટોપી પહેરે છે. વારલી જનજાતિના લોકોનો પોશાક સામાન્ય હતો, ખુબ જ ઓછા વસ્ત્રોનો ઉપયોગ થતો પરંતુ પરિવર્તનના વેગે તેમનો પહેરવેશ બદલાયો સ્ત્રીઓ સાડી, ડ્રેસ, જીન્સ ટી શર્ટ વગેરે પહેરે છે. જયારે પુરૂષો શર્ટ, પેન્ટ, જીન્સ કફની વગેરે પહેરે છે.

**લગ્નસંસ્થા** :-

વારલી સમુદાયમાં એકસાથી લગ્નપ્રથા પ્રચલિત છે. છતાં કોઈ કારણસર પત્ની નિઃસંતાન રહે ત્યારે પુરુષ બીજા લગ્ન કરી સકે છે. બીજા લગ્ન કરવાનો આશય સંતાન પ્રાપ્ત કરવાનો હોય છે.

વારલીઓમાં લગ્ન વય છોકરીની પંદર(૧૫) થી સતર(૧૭) વર્ષ અને છોકરાની લગ્નવય સતર(૧૭) થી ઓગણીસ (૧૯)વર્ષ હોય છે. તેમનામાં લગ્નની છ રીતો પ્રચલિત છે:(૧) યોજિત લગ્ન (૨)પલાયન લગ્ન (૩) સેવા લગ્ન (૪) હઠ લગ્ન (૫) પ્રેમ લગ્ન (૬) અપહરણ લગ્ન.

સ્ત્રીઓમાં કાળી ગાઠી અને માંગમાં કંકુ સ્ત્રીના લગ્નનું પ્રતિક ગણવામાં આવે છે. તેઓમાં લગ્ન નક્કી થતા છોકરા પક્ષથી છોકરી પક્ષને નક્કી કરેલ દહેજની રકમ ચુકવવામાં આવે છે.કારણ કે છોકરા પક્ષના જાનના માણસો તથા અન્ય વિવિધ ખર્ચાઓનો બોજ છોકરી પક્ષના વડીલો ઉપર ના પડે તે માટે અમુક રકમ મદદ તરીકે આપવાનો દહેજનો આશય છે.

યોજિત લગ્નપ્રથામાં છોકરી-છોકરાના લગ્નની પસંદગી કરતી વખતે પરસ્પરના સંબંધો, કુટુંબની રૂઢી,આનુવંશિકતા, વગેરેને ધ્યાનમાં રાખી પરસ્પર બન્ને કુટુંબના સંબંધી હોય એવા વ્યક્તિ દ્વારા વરપક્ષ દ્વારા છોકરીની માંગણી કરવામાં આવે છે. જે બન્ને પક્ષને જોડી આપનાર વ્યક્તિને વારલી બોલીમા "વરાડક્યા"(મધ્યસ્થી) તરીકે ઓળખવામાં આવે છે.સેવા લગ્નમાં છોકરો પસંદ કરેલ છોકરીના

ઘરે જઈને રહે છે તે પત્નીના માતા-પિતાને ખેતી કે અન્ય આર્થિક કાર્યમાં મદદરૂપ થાય છે જેને "ખંધાડિયો" તરીકે ઓળખવામાં આવે છે.

વારલી જનજાતિમાં લગ્નમાં ચોકનું ઘણું મહત્વ રહેલું છે. લગ્નના પહેલા દિવસે ઘરના ભીંત ઉપર ચોખાના લોટ દ્વારા સૌભાગ્યવતી સ્ત્રીઓ દેવી-દેવતા, વાર-વધુ વગેરેનું ચિત્ર બનાવી એમાં હળદર,સિંદુર તથા કોળશાના પાવડર દ્વારા રંગે છે. વારલીઓમાં ચોક વગર લગ્ન થતા નથી.લગ્નના પેહલા રાત્રી દરમિયાનભગત બોલાવવામાં આવે છે. જે ચાર થી પાંચ કલાક દેવી-દેવતાના ગીતો તથા કથા ગાય છે. વારલીઓમાં લગ્નવિધિમાં બ્રાહ્મણની જગ્યાએ ધવલેરીન (સૌભગ્યવતી સ્ત્રી જે લગ્નવિધિ જાણે છે) મહત્વનો ભાગ ભજવે છે. જે લગ્નના મંગળ ગીતો ગાય છે. ત્યારબાદ વાર-વધુના વસ્ત્રના છેડા બાંધી મંડપના મધ્યમાં દાટવામાં આવેલા સ્તંભના ગોળ ફેરા ફરવવામાં આવે છે.અહી હિંદુ સમાજના જેમ અગ્નિદેવતા હોતા નથી.

**કુટુંબ વ્યવસ્થા** :-

વારલીઓમાં પિતૃસતાક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. પિતૃસતાકમાં મોટા ભાગના નિર્ણયો પુરુષ લે છે. ઘરમાં સ્ત્રીના કરતા પુરુષોનો દરજ્જો ચડિયાતો મનાય છે. સામાજિક, આર્થિક અને ધાર્મિક બાબતોમાં અગત્યનો ભાગ પુરુષ લે છે. નવપરણિત યુગલ એક વર્ષ સુધી મુખ્ય ઘરમાં રહે છે અને જો તેમને બાળક આવે તો તેઓ પોતાનું અલગ મકાન બનાવી વસવાટ કરે છે. જે તેમના મુખ્ય ઘરના આજુ-બાજુના વિસ્તારમાં હોય છે. વારલીઓમાં ઘરજમાઈ પ્રથા જોવા મળે છે. વારલીઓમાં પિતૃવંશીય કુટુંબવ્યવસ્થામાં પિતાનો વંશ પુત્રને પ્રાપ્ત થાય છે. પિતૃક મિલકતમાં પુત્રનો અધિકાર હોય છે. છોકરીઓને મિલકતની ભાગીદાર ગણવામાં આવતી નથી.

હિંદુ કુટુંબ વ્યવસ્થાથી આદિવાસી કુટુંબ વ્યવસ્થા અલગ તરી આવે છે. પ્રથમ તો આદિવાસી કુટુંબ વ્યવસ્થામાં જોવા મળે છે. તેવી જ રીતે વારલી જનજાતિમાં પણ જોવા મળે છે. કેન્દ્રીય કુટુંબોનું પ્રમાણ વધુ હોવાનું કારણ મુખ્યત્વે નાના અને એક જ ખંડમાં વધુ ઘરો,આસપાસમાં ઘર બાંધી શકાય તેવી વિશાળ જમીન, લગ્ન પુખ્ત ઉમરે થતા હોવાથી નવવિવાહિત પતિ-પત્ની જાતે કમાઈ શકે તેવા સશક્ત હોય છે. માતા-પિતા પર આધાર રાખ્યા સિવાય, નાના જમીનના ટુકડામાં ખેતી કે ખેતમજુરી, જંગલમજૂરી કે જંગલ પેદાસો એકત્ર કરી બન્ને પોતાનું ગુજરાન ચલાવી શકે તેમ હોવાથી લગ્ન બાદ પોતાનું આગવું ઘર બનાવી રહે છે.તે ઉપરાંત લગ્ન માટે દેવું કરવામાં આવ્યું હોય તોતે દેવું લગ્ન કરનાર યુવક-યુવતી બન્ને સાથે મળીને કમાઈને ભરપાઈ કરે છે.

વારલી સ્ત્રી પોતાના જીવનસાથી પસંદગી કરવામાં સ્વતંત્રતા ભોગવે છે. છતાં કુટુંબમાં મુખ્યત્વે પુરુષ વધુ હક ભોગવે છે. વારલી કુટુંબમાં બાળક સાત-આઠ વર્ષનું થાય એટલે તેણે ઘરકામમાં મદદ કરવી એવી અપેક્ષા રાખવામાં આવે છે. નાના-ભાઈ બેનને સંભાળવું, ખેતરમાં પાકની રખેવાળી કરવી ઢોર ચરાવવું, જંગલમાંથી ફળ-ફળાદી એકત્ર કરવું જેવા નાના-નાના કામો બાળક લેતો જોવા મળે છે. તેમનામાં માં-બાપનું ચુસ્ત નિયંત્રણ જોવા મળતું નથી.

**ધાર્મિકજીવન :-**

વારલી લોકો પ્રકૃતિપ્રેમી છે. તેઓ તેમના વિવિધ પ્રવૃતિમાં પ્રાકૃતિક દેવી-દેવતાઓની પૂજા કરે છે. જેમકે ચંદ્ર, સૂર્ય, વૃક્ષ, નદી, પક્ષી, પ્રાણી વગેરેને પૂજે છે. જે તેમના દૈનિક જીવનમાં ઉપયોગી બંને છે. કોઈ પણ કાર્યની શરૂઆત કરવા પહેલા દેવી-દેવતાની પુજા કરે છે. તેઓ પોતાની ઈચ્છા-કામના પૂર્ણ કરવા દેવી-દેવતાના નામે બાધા રાખે છે.અને કામના પૂણ થતા તેમની પુજા કરી આભાર વ્યક્ત કરવામાં આવે છે. તેમની પુજા-આરાધનાની વિધિ સાદી અને સરળ હોય છે.

વારલીઓના કુળદેવતા નારાયણ, હિરવાદેવ, ડુંગરદેવ, વાઘોબા, હિમાય, બરમદેવ વગેરે છે. પ્રસંગોપાત તેઓ આ દેવી-દેવતાઓને પુજે છે. ગામડાના છેવાડે એક ગ્રામદેવતાનું નાનું મંદિર હોય છે. જ્યાં દર વર્ષે ગ્રામદેવતાની પુજા વિધિપૂર્વક કરવામાં આવે છે. ગ્રામદેવની પુજા કર્યા બાદ જ લગ્નપ્રસંગ જેવા શુભકાર્યની શરૂઆત કરવામાં આવે છે. કનસેરી દેવીની દિવાળી તથા હોળી જેવા તહેવારોના દિવસે પુજા કરવામાં આવે છે. દિવાળીના દિવસે એક વાંસની ટોપલીમાં નવું ડાંગર ભરી તેમાં કુળદેવતાઓને સ્નાન કર્યા બાદ મુકવામાં આવે છે.અને તેમની પુજા કરવામાં આવે છે.

વારલી સમુદાયમાં વિવિધ પ્રકારની ધાર્મિક માન્યતાઓ પ્રવર્તે છે. તેઓ ભગત-ભુવામા વધારે માન્યતા ધરાવે છે. વધુ વિશ્વાસ ધરાવે છે. વિવિધ સમસ્યાના  નિવારણ માટે ભગત-ભૂવાનો આશ્રય લે છે. વારલીઓમાં ભગતનું  વિશિષ્ટ સ્થાન છે. પરંતુ આધુનિક યુગમાં શિક્ષણ, સંચાર-માધ્યમો, ઉદ્યોગીકરણ તેમજ વિવિધ અન્ય પરિબળો ના અસર હેઠળ તેમના ધાર્મિકજીવનમાં ઘણા પરિવર્તનો જોઈ શકાય છે. તેમજ ભગત-ભૂવાનું પ્રભૂત્વ ઘટ્યું છે. છતાં હજુ ઘણા કારણોસર તેમનો આશ્રય લેવામાં આવે છે.

**આર્થિકજીવન:-**

વારલી વસાહતનો સમગ્ર પ્રદેશ ડુંગરાળ અને જંગલોથી છવાયેલ, નદીનાળાવાળો છે. જેમાં તેમની ખેડાઉ જમીન પણ આવી જાય છે. વરલીઓની જમીન ખાડા-ટેકરાવાળી ઢોળાવ પર અને પથ્થરોવાળી છે. વારલી સમાજે પોતાનો આર્થિક વિકાસ વિપરીત પરિબળોનો સામનો કરવાનો હોય છે.

વારલીઓને જીવન ટકાવી રાખવા, જીવન નિર્વાહ માટે સતત સંઘર્ષ કરવો પડે છે. માર્યાદિત સાધનોથી જીવનનિર્વાહ કરવો પડે છે. વારલીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતીની સાથે ખેતમજુરી, જંગલ મજુરી, જંગલ ગૌણ પેદાસો એકઠી કરવી વગેરે પ્રવૃત્તિ કરવી પડે છે. કારણ કે નાના-નાના ખેતરો હોવાથી વર્ષભર ધાન્ય પૂરું પડતું નથી જેના કારણે તેમને પોતાનું જીવનનિર્વાહ પૂરો પાડવા વિવિધ અન્ય ગૌણ કાર્ય કરવું પડતું હોય છે.કેટલાંક વારલી પસુપલાનનો વ્યવસાય પણ કરે છે. આ

બધા ધંધા હોવા છતાં વર્ષભરનો રોટલો રડી સકતા નથી. વર્ષમાં ચોમાસાની શરૂઆત પહેલા જેઠ, અષાડઅને શ્રાવણ એમ ત્રણ માસનું તેમનું જીવન ખુબ સંઘર્ષમય બની જાય છે.

આર્થિક જીવન પર ભૌગોલિક વાતાવરણની સાથે-સાથે અનેક પરિબળો પણ અસર કરે છે. જેમાં વયજૂથ એ પણ મહત્વનું પરિબળ છે. કારણ કે કામ કરી શકે તેવા સભ્યો તે કુટુંબ કેટલા છે ? અને કામ કરનાર સભ્યો પર આધારિત સભ્યોની સીધી અસર ઉત્પાદન પર પડે છે. કારણ કે અવિકસિત વારલી સમુદાય આધુનિક સાધનો અને મશીનો દ્વારા ઉત્પાદન વધારી શકે તેમ પણ નથી. વારલી પરંપરાગત મુલ્યો પર આધારિત સમાજ છે. જેમાં આર્થિક ઉત્પાદનતાનું મૂળ એકમ માનવશક્તિ છે. આદિવાસીઓની અર્થોપાર્જનની પ્રક્રિયામાં માનવશક્તિ કેટલી અને કેવી છે તે મહત્વનું બની જાય છે.

ખેતી માત્રથી તેમનું ગુજરાન ચાલે તેમ ન હોવાથી તેઓ કામની શોધમાં સ્થળાંતર કરે છે. તેઓ નાશિક, વલસાડ, નવસારી, પારડી, અતુલ, વાપી, સુરત વગેરે સ્થળોએ જ્યાં રોજગારી મળે એવા સ્થાનોએ સ્થળાંતર કરે છે. તથા જંગલમાંથી લાકડા, ઔષધી, મધ, પક્ષી વગેરે ભેગી કરી બજારમાં વચે છે. વારલીઓમાં આર્થિક બાબતને લઇ ઘણી સમસ્યાઓ પ્રવર્તે છે. રોજગારી મેળવવા સ્થળાંતર કરવામાં આવે છે. જેના કારણે વસવાટની સમસ્યા, આરોગ્ય વિષયક સમસ્યા શૈક્ષણિક સમસ્યા વગેરે ઉદભવેછે.

વારલીમાં સ્ત્રી-પુરુષ-બાળકોમાં કામનું શ્રમવિભાજન જોવા મળે છે. પુરુષ મુખ્યત્વે ખેતરમાં કામો તથા બહાર મજુરીના કામ વગેરેમાં ધ્યાન આપે છે. જયારે સ્ત્રીઓ ઘરકામ લાકડા એક્ઠા કરવા, ખોરાક એકઠો કરવો વગેરે કામો કરે છે. બાળક ૫ થી ૬ વર્ષનું થાય એટલે એણે પોતાના નાના-ભાઈ બહેનને સંભાળવું, ઢોર ચરાવવા જવું જંગલમાં જઈ શિકાર કરવો, ફળો એકત્રિત કરવા, માછલી પકડવી જેવા કામો કરી ઘરમાં મદદરૂપ બનવાનું હોય છે. વર્તમાન સમયમાં શિક્ષણ તેમજ નોકરીમા અનામત બેઠક હોવાથી તેઓ શિક્ષણ મેળવી વિવિધ ક્ષેત્રે નોકરી મેળવી પોતાની આર્થિક પરિસ્થિતિ સુધારી રહ્યા છે. તેમજ ઉદ્યોગોમાં રોજગારી મેળવી આજીવિકા પૂરી પાડવા સમર્થ બન્યા છે.

**જાતિપંચ :-**

વારલી જાતિમાં“ જાતિપંચ ” નું સ્પષ્ટ સ્વરૂપ જેમ દુબળા, ચૌધરી, ધોડિયા, ગામીતમાં છે, તેવું જોવા મળતું નથી. કારણ કે માત્ર વારલી વસાહત વિસ્તારમાં ગામકક્ષાએ સંગઠન મજબુત હોય છે. ગામમાં પાટીલ, કારભારી અને કાઠીયો આખું વ્યવસ્થાતંત્ર સંભાળે છે. ગામમાં સંવાદીતા અને સુમેળભર્યા જીવન વ્યતીત થાય તે માટેનું નિયંત્રણ કરે છે. કોઈ પણ પ્રકારના સામાજિક પ્રશ્નો ઉભા થાય તે ઉકેલ લાવે છે. યોગ્ય દંડ કરી શકે છે.એટલા માટે ગામ કે ફળિયામાં કોઈપણ સામાજિક પ્રસંગે પાટીલની હાજરી મહત્વની ગણાય છે જેથી કોઈ તોફાન કરે કે મારામારી કરે તો પાટીલ યોગ્ય ભૂમિકા ભજવી શકે છે. સાથે સાથે તે સામાજિક પ્રસંગોની સાક્ષી સ્વરૂપે છે. ગામકક્ષાએ પાટીલ, કારભારી અને કાઠીયો હોય છે. જયારે પાડા(ફળિયા) કક્ષાએ જે તે પાડાના વડીલો અને મુખ્ય જ્ઞાતા વ્યક્તિઓ સામાજિક ઝગડાઓ ઉકેલવા નિર્ણાયક બને છે. બંને આ પંચ બરાબર સાંભળીને પરમ્પરાગત નિયમોની

વિરુદ્ધ વર્તન કરનારને કે પોતાના સમાજ માન્ય નિયમો વિરુધ્ધ વર્તન કરનારને સામાજિક પંચના નિયમો અનુસાર ઉકેલ લાવવામાં આવે છે. અને ગુના અનુસાર દંડ કરવામાં આવે છે. આજે વર્તમાન સમયમાં ગ્રામપંચાયતના કારણે સરપંચ અની પંચાયતના સભ્યોમાંથી આગેવાન કે વડીલ વ્યક્તિને પણ આ પંચમા સામેલ કરવામાં આવે છે.

વારલી સમુદાયનો ઉપરોકત પરિચય પારંપરિક છે. વર્તમાન સમયમાં આધુનિકીકરણ, સંચાર મધ્યોમોનો વ્યાપ, ઔધયોગીકીકરણ, શહેરીકરણ તથા શિક્ષણ વગેરે પરિબળોને કારણે તેમના પારંપરિક જીવનમાં ઘણા પરિવર્તનો આવેલા જોવા મળે છે. તેમની રેહણી-કરણી , બોલી-પોશાક, રીતભાત વગેરેમાં પરિવર્તનો આવેલા જોવા મળે છે. છતાં તેઓ સંપૂર્ણ આધુનિક પણ નહિ, અને સંપૂર્ણ પરંપરાગત પણ નહિ એવા મધ્ય સ્તર ઉપર આવી ઉભા છે. જેના કારણે તેમના સમાજજીવનમાં ઘણી સમસ્યા ઉદભવે છે.

**સંદર્ભસૂચી**


૧) K.S.Singh (1994) : People Of India National Series – Vol-3

2) Dr. VidyutJoshi(1998) : Tribal Situation In India Issue In Development

3) પંડ્યા ગૌરીશંકર(૧૯૯૦) : વારલી જનજાતિનો સમાજ-માનવશાસ્ત્રીય અભ્યાસ, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

૪) ત્રિવેદી મહેન્દ્ર(૧૯૯૦) : ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, વલસાડ જિલ્લો, ગુજરાતરાજ્ય અમદાવાદ

૫) વિમલ શાહ (૧૯૬૬) : ગુજરાતના આદિવાસીઓ- આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર અમદાવાદ

૬) ખંડેરાવ સાવે (૧૯૯૬) : વારલી

૭) ઠાકર મીનાક્ષી(૨૦૦૪) : આદિવાસી વિકાસ અને વન, યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ

૮) જોષી મહેશકુમાર (૨૦૧૦) : વલસાડ વિકાસ વાટિકા, કલેકટર ઓફ વલસાડ

૯) હાડલ વિષ્ણુ (૨૦૧૫) : ડેવલોપમેન્ટ એન્ડ પ્રોબ્લેમ્સ ઓફ વારલી ટ્રાયબલ કોમ્યુનીટી : અ સોશિયોલોગીક્લ સ્ટડી પી.એચડી થીસીસ